# M B COLLEGE OF COMMERCE AND SHREE G M N LALJI ARTS COLLEGE, DAHEGAM

## DEHGAM TALUKA EDUCATION SOCITY DEHGAM

## DREPATMENT OF PSYCHOLOGY

## EFFECTIVE BEHAVIOUR IN PSYCHOLOGY

## PAPER NO – CORE - 112

## UNIT - 1




**DR. TRUPTI AMBALAL CHANDALIA**

**ASSISTANT PROFESSOR**

**DEPARTMENT OF PSYCHOLOGY**

**ARTS AND COMMERCE COLLEGE DAHEGA**

**CONTACT – truptichandaliya03@gmail.com**

# પ્રશ્ન ૨. કારકિર્દીના આયોજનમાં રહેલા ઘટકો

- ❖ આધુનિક યુગમાં વ્યવસાય પસંદગીની વિશાળ તકો
- ❖ વ્યક્તિને પોતાના વિશે જ્ઞાન નો અભાવ હોય તો કારકિર્દી પસંદગી મુશ્કેલ
- ❖ યાંત્રિકીકરણનાં પરિવર્તન વિશે જાગ્રત ન હોવું
- ❖ યાંત્રિકીકરણના પરિવર્તનનો અસ્વીકાર કરવાની વૃત્તિ
- ❖ કારકિર્દી પસંદગી એ એક વિકાસાત્મક પ્રક્રિયા છે

કારકિર્દીના આયોજનમાં રહેલા ઘટકો

A. કારકીર્દી આયોજનના તબક્કાઓ

B. વૈયક્તિક લક્ષણો

C. વ્યાવસાયિક માહિતી

D. કૌટુંબિક તેમજ અન્ય અસરો

# A. કારકીર્દી આયોજનના તબક્કાઓ (ગીન્સબર્ગ)

## ૧. તરંગી કલ્પનાનો તબક્કો

# જન્મથી ૧૧ વર્ષ

# વ્યવસાય વિશેની કલ્પનામાં રાચવું

# ડ્રાઇવર, પોલીસમેન, શિક્ષક, વિમાનચાલક અને અવકાશયાત્રી વગેરે...

# રમતોમાં પણ વ્યવસાયની ભૂમિકા

# આ તબક્કામાં વાસ્તવિકતાને કે શક્તિને ધ્યાનમાં લેવાતી નથી

## ૨. કામચલાઉ તબક્કો

# ૧૧ થઈ ૧૭ વર્ષ

# પ્રથમ અભિરૂચીને આધારે કારકિર્દી પસંદગી

# શક્તિને આધારે તાલીમને લક્ષમા રાખે છે

# વાસ્તવિકતાના સંદર્ભમાં અભિરૂચી, શક્તિ કે મૂલ્યોને સાંકળવા

# વ્યવસાયની કામચલાઉ પસંદગી

## ૩. વાસ્તવિક પસંદગીનો તબક્કો

# ૧૭ વર્ષથી શરૂઆત

# પોતાની ઈચ્છા અને વાસ્તવિકતા વચ્ચે મેળ

<u>ત્રણ પ્રક્રિયાઓ</u> –

૧. વિકલ્પ શોધ- વ્યવસાયનો અનુભવ લે છે. ૨. વિકલ્પ સીમિતતા- વ્યાવસાયિક વિકલ્પો માર્યાદિત ૩. વિકલ્પ નિશ્ચિતતા- ચોક્કસ વ્યવસાય માટે પ્રતિબદ્ધ

નેલ્સન (૧૯૬૩) નિષેધાત્મક પસંદગી શું નથી કરવા માંગતા એ વધુ સ્પષ્ટ

# B.વૈયક્તિક ત્રણ લક્ષણો

**1. વ્યક્તિ શુ કરવા માંગે છે?**

- આ પ્રશ્નનો જવાબ વ્યક્તિની અભિરુચી, પ્રેરણા અને મૂલ્યો સાથે સંબંધ ધરાવે છે. શુ વ્યક્તિ લોકો સાથે કે વિચારો સાથે કે વસ્તુઓ સાથે કામ કરવાનુ ગમે છે?
- તે વ્યક્તિને મદદ કરવામા રસ ધરાવે છે કે પૈસા બનાવવામા?દબાણ હેઠળ કામ કરવા માંગે છે કે વધુ આરામદાયી રીતે?વ્યવસાય પછીના 10 કે 20 વર્ષમા તે શુ બનવા માંગે છે?

**2. વ્યક્તિ શુ કરી શકે એમ છે?**

- આ પ્રશ્નનો જવાબ વ્યક્તિની શક્તિઓ અને અભિયોગ્યતાઓ સાથે સંકળાયેલો છે.
- તેનુ બુધ્ધિનુ સ્તર, જ્ઞાન અને કૌશલ્યો ધરાવે છે કે નહિ?
- અમુક ચોક્કસ ક્ષેત્રમા વધારે યોગ્યતા મેળવવાની અંતર્ગત શક્તિ તેમનામા કેટલા પ્રમાણમા રહેલી છે? સંગીત શક્તિ કે એવી કોઈ અસાધારણ વિશિષ્ટ શક્તિ તેનામા રહેલી છે ખરી?

**3. વ્યક્તિની શક્તિઓ અને સાધનો કઈ રીતે તેની પસંદગીને મર્યાદિત કરે છે?**

- આ પ્રશ્નનો જવાબ વ્યક્તિની વર્તમાન લાયકાત અને આવશ્યક તાલીમ માટેના વ્યક્તિના સાધનો સાથે સંકળાયેલો છે.
- દા.ત. મનોવિજ્ઞાન, ઇજનેરી, વિજ્ઞાન તેમજ તબીબી વિજ્ઞાન જેવા વ્યવસાયોમા સ્નાતક પૂર્વેની, સ્નાતક તેમજ સ્નાતકોત્તર કક્ષાની વ્યાપક તાલીમની જરૂર પડે છે. અને તાલીમ લિધેલ ન હોય તો વ્યવસાયનો વિચાર પડતો મુકવો પડે છે.  વ્યક્તિની ઉમર, જાતિ, તંદુરસ્તી પણ વ્યવસાયની સફળતાને અસર કરે છે.

## ***આસ્ટિન અને નિકોલસ (1964) ના સંશોધનો મુજબ વ્યક્તિની વ્યાવસાયિક પસંદગીનો આધાર નીચેના છ ઘટકો ઉપર રહેલો છે:***

i. સ્વ વિશેનો ઊંચો ખ્યાલ હોવો. દા.ત. લોકપ્રિય અને સારી વગ ધરાવતા બનવુ.

ii. આરામપ્રિય બનવુ.

iii. કલાત્મક અને રચનાત્મક કાર્યોમાથી આનંદ મેલવવો.

iv. પ્રતિષ્ઠા મેળવવી.

v. વૈજ્ઞાનિક અને ટેકનિકલ કાર્યોમાથી આનંદ મેળવવો.

vi. અન્યને મદદરૂપ થઈ શકવુ અને વૈયક્તિક પુખ્તતા પ્રાપ્ત કરવી.

આ ઘટકોમાથી વ્યક્તિ ક્યા ઘટકોને મહત્વના ગણે છે તેના ઉપર તેની કારકિર્દી પસંદગીનો આધાર રહેલો છે. દા.ત. વૈયક્તિક સુખસગવડને મહત્વના ગણનાર વ્યક્તિ વેપાર કરવાનુ પસંદ કરે છે. અન્યને મદદરૂપ થવાના કાર્યને મહત્વના ગણનાર વ્યક્તિ સામાજિક કાર્યકર કે ડૉકટર કે ધર્મગુરુ બનવાનુ પસંદ કરે છે.

વ્યક્તિની અભિરૂચીઓ, શક્તિઓ, મૂલ્યો તેમજ અન્ય વૈયક્તિક લક્ષણો વિશેની વિશ્વસનીય અને યથાર્થ માહિતી મેળવવા માટે મનોવૈજ્ઞાનિકોએ અસંખ્ય મનોવૈજ્ઞાનિક કસોટીઓની રચના કરી છે. યંત્રવિજ્ઞાનની પ્રગતિને કારણે વ્યવસાયોમા જેમ પરિવર્તન આવતા શિક્ષણને પરિણામે વ્યક્તિની અભિરુચિઓ તેમજ પ્રેરણામા પણ નોંધપાત્ર ફેરફાર થાય છે.

## C. વ્યાવસાયિક માહિતી -

1. વ્યવસાય પ્રવેશવા માટેની લાયકાતો તેમજ કાર્યની શરતો શી છે?

- જે વ્યવસાયમા વ્યક્તિ જોડાવા માગતી હોય તે વ્યવસાયમા પ્રવેશવા માટે કયા કૌશલ્યો અને કેટલી તાલીમ જરૂરી છે?
- તે વ્યવસાયમા સફળ થવા માટે વ્યક્તિમા ક્યા સામાન્ય લક્ષણો હોવા જોઈએ?
- ત માટે સામાજિક કુશળતા, શારીરિક સહિષ્ણુતા, પહેલ કરવાની શક્તિકે વિશિષ્ટ સ્વભાવની જરૂર છે? હા તો કેટલા પ્રમાણમા?
- વ્યવસાયમા જોડાયા પછી શુ કાર્ય કરવાનુ છે? રોજરોજ કરવાના આવા કાર્યમાથી શુ તે આનંદ મેળવી શકે એમ છે?
- જે વ્યવસાયમા સફળ થવા જરૂરી લક્ષણો વ્યક્તિમા છે ખરા? વિવિધ પ્રવૃત્તિઓ કરવા જુદા-જુદા લક્ષણો અને શક્તિઓની જરૂર પડે છે.

2. તે વ્યવસાયમા વ્યક્તિને શુ આપી શકે તેમ છે?

- જે વ્યવસાયમા જોડાવાની વ્યક્તિ ઈચ્છા રાખતી હોય તે વ્યવસાયમા વ્યક્તિને કેટલી આવક મળે તેમ છે? પ્રગતિ સાધવાની કેવી તક છે, તેમા વૈયક્તિક વિકાસ સાધવાની શુ તક છે?
- વ્યવસાય વ્યક્તિને સામાજિક દરજ્જો અર્પી શકે તેમ છે તે લક્ષમા લેવુ જોઈએ.
- વ્યવસાયનુ કાર્ય વ્યક્તિને રસપ્રદ, સંતોષ, લાંબાગાળે કાર્ય અર્થપૂર્ણ બનસે કે કેમ? વગેરે બાબતો ધ્યાનમા રાખવામા આવે છે.

3. તે વ્યાવસાયિક ક્ષેત્રમા ભવિષ્યમા ક્યા ફેરફારો થવાની શક્યતા છે?

- આજના મોટા ભાગના કૉલેજિયનો 21મી સદીમા પણ વ્યવસાય કરતા હશે, તેથી તેમણે પસંદ કરેલા વ્યવસાયના ભાવિ પ્રવાહોનો પ્રશ્ન પ્રસ્તુત છે.
- યંત્ર-વિધ્યાકીય તેમજ સામાજિક પરિવર્તન એટલુ ઝડપી થઈ રહ્યુ છે કે ઘણા વ્યવસાયોમા થોડા સમયમા ઘણા મોટા ફેરફારો થયા છે.
- પસંદ કરેલા વ્યવસાયમા નજિકના તેમજ દૂરના ભવિષ્યમા શુ ફેરફારો થવાની શક્યતા છે તેનુ પણ સ્પષ્ટ ચિત્ર વ્યક્તિએ મેલવવુ જોઈએ, કારણકે આવા ફેરફારોની અસર તેના કાર્ય પર થવાની શક્યતા રહેલી છે.
- વ્યાવસાયિક માર્ગદર્શન મળી શકે તેમ હોય તો વ્યક્તિ પોતાને સર્વ રીતે અનુરૂપ એવુ વ્યવસાય-ક્ષેત્ર પસંદ કરી શકે.
- અમેરિકામા દર બે વર્ષે સરકાર દ્વારા “Occupational Outlook Handbool” પ્રકાશિત થાય છે, આ પુસ્તકમા 700 જેટલા વ્યવસાયોની સંપુર્ણ વ્યાવસાયિક માહિતી આપવામા આવે છે.

## D. કૌટુંબિક તેમજ અન્ય અસરો -

1. માતા-પિતા તેમજ સંબંધિત વ્યક્તિઓ –

- બુર્ચીનલ, હોલર અને ટેવ્ઝ (1962) એ તારવ્યુ છે કે વિધ્યાર્થીઓ અને વિધ્યાર્થીની કારકિર્દીના આયોજનમા પેઢિનુ અંતર હોવા છતા માતાપિતાની સૌથી વધુ પ્રભાવક અસર હોય છે. માતા-પિતા પછી શિક્ષકો, મિત્રો અને વ્યાવસાયિક સલાહ્કારોની અસર જોવા મળે છે.
- શેહરીકરણ, ઉધ્યોગિકરણ, શૈક્ષણિક તકોમા વધારો જેવા પરિબળોને લીધે વંશપરંપરાગત ધંધો સ્વીકારવાનુ વલણ ઘટવા માંડ્યુ છે.
- વર્ટઝે (1968) મા કૉલેજના વિધ્યાર્થીઓ પર અભ્યાસ કરી જણાવ્યુ કે સામાજિક વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન તેમજ તબીબી વિજ્ઞાન એમ ત્રણ ક્ષેત્રોમા પોતાના પિતાનો જ કે તેના જેવો વ્યવસાય પસંદ કરવાનુ વલણ કૉલેજના વિધ્યાર્થીઓમા હોય છે.

2. સામાજિક વર્ગ, જૂથ અને વંશના ઘટકો –

- યુવાન વ્યક્તિની વ્યવસાય પસંદગી ઉપર તેના સામાજિક વર્ગ તેમજ વંશની અસર પણ પડે છે.
- ક્રાઉસ (1964)ના અભ્યાસમા જણાવે છે કે નિમ્નવર્ગના વિધ્યાર્થીઓ કરતા મધ્યમવર્ગના વિધ્યાર્થીઓની શૈક્ષણિક આંકાંક્ષા સામાન્ય રીતે ઊંચી હોય છે. જેમ માતા-પિતાનુ શૈક્ષણિક સ્તર ઊંચુ તેમ તેમના સંતાનોની શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક આંકાંક્ષા પણ ઊંચી હોય છે.
- ક્રાઉસના સંશોધનના પરિણામ મુજબ ગરીબાઈ અને સાંસ્કૃતિક વંચિતતાના વાતાવરણમા ઉછરેલ માધ્યમિકશાળાના વિધ્યાર્થીઓની આંકાંક્ષા અને સિધ્ધિ કક્ષા ખૂબ જ નીચી હોય છે, કારણ કે તેમની એવી તક જ નથી મળતી.
- બ્લાઉ (1965), ડંકન (1965) અને વર્ટ્ઝે (1968) અભ્યાસ મુજબ પિતાના સામાજિક વર્ગની કક્ષા પરથી તેના સંતાનની આકાંક્ષા અને કારકિર્દી-પસંદગીની આગાહી સારી રીતે કરી શકાય.
- નિમ્નવર્ગના લોકો નાની ઉમરે પરણી જવાથી ઉચ્ચઅભ્યાસ કરી શક્તા નથી જેથી જે નોકરી મળે તે સ્વીકારી લે છે.
- પછાત જાતિના લોકો કે લઘુમતી કોમ પ્રત્યે આવો ભેદભાવ ન દર્શાવાય. દા.ત. અમેરીકામા નિગ્રો માટે વ્યાવસાયિક તકો ઘણી સિમિત છે.

# પ્રશ્ન 3. વ્યાવસાયિક સમાયોજનની કેટલીક વિશિષ્ટ સમસ્યાઓ -

વ્યાવસાયિક સમાયોજનની સમસ્યાઓ


1. નોકરી કરતી સ્ત્રીઓ

2. લાભવંચિત કર્મચારિઓ

3. પ્રૌઢ કર્મચારિઓ

4. લશ્કરી સેવા




અભ્યાસક્રમને ધ્યાનમા રાખીને બે મુદ્દાની ચર્ચા કરીશુ......

## (1) નોકરી કરતી સ્ત્રીઓ –

- ઘરની બહાર નોકરી કરતી સ્ત્રીઓની સંખ્યા આધુનિક યુગમા વધી ગઈ છે.
- 1971ની વસ્તી ગણતરી પ્રમાણે સ્ત્રીઓની કૂલ સંખ્યાના 13.18 ટકા સ્ત્રીઓ નોકરી કરતી હતી. અમેરીકામા 1970 મા 8 કરોડ કર્મચારીમાથી 3 કરોડ સ્ત્રી કર્મચારી.
- સ્ત્રીઓના રોજગાર અને જીવનના તબક્કાઓ વચ્ચે સંબંધ જોવા મળે છે.
- માધ્યમિક શાળાની કેળવણી બાદ અને લગ્ન થયા પહેલા અને બાળકો થયા પહેલાના 18 થી 19 વર્ષની ઉમરના ગાળામા નોકરી કરતી સ્ત્રીઓનુ પ્રમાણ એની પ્રારંભિક ટોચે પહોંચે છે. પછી લગ્ન અને બાળઉછેરની જવાબદારીઓ વધે છે તેમ-તેમ વ્યવસાય કરતી સ્ત્રીઓનુ પ્રમાણ 30 વર્ષ સુધી ઘટે છે.
- 30 વર્ષની ઉમર બાદ ઉમર બાદ ફરીથી વ્યવસાય કરતી સ્ત્રિઓનુ પ્રમાણ વધે છે. આ ગાળામા સામાન્ય રીતે છેલ્લા બાળકનો જન્મ થઈ ગયો હોય છે અને પ્રમાણમા મોટા બાળકો શાળાએ જતા હોય છે.
- 40-50 વર્ષની ઉમરે નોકરી કરતી સ્ત્રિઓનુ પ્રમાણ એની અંતિમ ટોચે પહોંચે છે. ત્યારે બાળકો સ્વતંત્ર રિતે રહેતા શીખી ગયા હોય છે.
- કૌટુંબિક દરજ્જો અને સંજોગોની અસરો –
- (1) પરણિત સ્ત્રિઓ કરતા અપરણિત સ્ત્રિઓમા નોકરીનુ પ્રમાણ વધારે.
- (2) બાળકોવાળી સ્ત્રિઓ કરતા બાળકો વગરની પરણિત સ્ત્રિઓમા નોકરીનુ વલણ વધાર.
- (3) નાની ઉમરની બાળકોવાળી માતાઓની સરખામણીમા મોટી ઉમરના બાળકોવાળી માતઓમા નોકરીનુ વલણ વધારે.

પેકાર્ડ કોલેજના વિધ્યાર્થીઓ પર સર્વે અનુસાર જણાવે છે કે સ્નાતક અથવા છેલ્લા સમયગાળામા લગભગ અડધી સ્ત્રિઓ નોકરી કરવા અંગે ગંભીરપણે વિચારે છે.


રોસ્સીએ 3500 સ્નાતક સ્ત્રીઓનો અભ્યાસ કરીને સ્ત્રીઓને ત્રણ/3 વર્ગમા વહેંચી છે: (1) ગૃહિણીઓ (2) શિક્ષિકા જેવા પરંપરાગત વ્યવસાયો કરનારી (3) લાંબા સમયથી પુરૂષોના ગણાતા વ્યવસાયોમા પ્રવેશતી.

- નોકરી કરતી સ્ત્રીઓની જવાબદારી ઘણી વધી જાય છે.
- પ્રશ્ન એ છે કે શુ ઘર બહારની નોકરી પત્ની તેમજ માતા તરીકેની ભૂમિકા ભજવવામા સ્ત્રીને અવરોધ ઉત્પન્ન કરે છે? અભ્યાસો બતાવે છે કે જો પતિ જો થોડી વધારાની મદદ કરતો હોય તો નોકરીને લિધે કોઇ અવરોધ ઊભો થતો નથી.
- મડ અને તેના સાથી (1925) અભ્યાસના આધારે કહે છે કે સફળ કુટુંબોમા નોકરી કરતી સ્ત્રીઓની ટકાવારી સરેરાશ કરતા વધુ હતી.
- પત્ની, માતા અને નોકરિયાત તરીકેની ત્રિવિધ ભૂમિકાઓને પુરતો ન્યાય આપવા માટે સમયની ફાળવણી અંગેની સમસ્યા તો નોકરી કરતી સ્ત્રીને હોય જ છે.
- ઉપરાંત દરજ્જાને લગતી કેટલીક મુશ્કેલીઓને સામનો નોકરીમા કરવો પડે છે.



VIDEO

- બ્લાઉસ્ટિન (1968) કહે છે તેમ આપણે સ્ત્રીને એક બાજુ એવુ કહિએ છિએકે લગ્ન અને કૌટુંબિક જીવનની સાથે-સાથે વ્યવસાય પણ તે કરી શકે છે અને બીજી બાજુ નોકરીમા કરેક તબક્કે તેને પૂર્વગ્રહ તેમજ ભેદભાવનો સામનો કરવો પડે છે અને તેને સંસ્થાકીય ટેકો પણ મળતો નથી. દા.ત. વ્યવસાય કરતી માતાને અનુકૂળ હોય તે રીતે કામના કલાકો ભાગ્યે જ ગોઠવવામા આવે છે.
- આવા બેવડા ધોરણોની જગ્યાએ સ્ત્રિઓને કાતો ઘરમા સ્થાન અથવા વ્યવસાયમા પુરતી સગવડો આપવી જોઈએ.
- ઘણીવાર સમાન કાર્ય માટે સ્ત્રીને ઓછો પગાર અને પ્રગતિની ઓછિ તકો આપવામા આવે છે. આ પરિસ્થીતી જાણે ‘લગ્ન સાથે કારકિર્દી’ વિચારની હાંસી ઉડાવતી હોય તેવુ લાગે છે.  બ્લાઉસ્ટિન આને ‘લગ્ન-કારકિર્દી ઉપહાસ’ તરીકે ઓળખાવે છે.
- પુરૂષનો સામાજિક દરજ્જો તેના વ્યવસાયના આધારે નક્કિ થાય છે અને સ્ત્રીઓનો સામાજિક દરજ્જો તેના પતિના વ્યવસાયના આધારે નક્કિ થાય છે., ઉપરાંત સ્ત્રી સફળ છે કે નહિ એ તેની વ્યાવસાયીક સિધ્ધિને આધારે નહિ પરંતુ પત્ની, માતા અને ગૃહિણી તરીકેની નિપુર્ણતાને આધારે થાય છે.
- નોકરીમા ટકી રેહવાનુ, બઢતીનુ, જીવન ધોરણ ચલાવવાનુ દબાણ પુરૂષોમા હોય છે મોટે ભાગે સ્ત્રીઓમા નહિ જે તેઓને એક ફાયદો પણ છે.



## 2. લાભવંચિત / ન્યૂનતાવાળા કર્મચારીઓ –

લાભવંચિત શબ્દ બે અર્થમા થાય છે: (1) સામાજિક રીતે લાભવંચિત વ્યક્તિ (2) શારીરિક કે માનસીક ખામીવાળી વ્યક્તિ.

(1) સામાજિક રીતે લાભવંચિત કર્મચારી –

સામાજિક સ્થાનને કારણે અન્યને મળતા લાભો મળતા નથી. દા.ત. સામાજિક રીતે પછાત વર્ગના વ્યક્તિઓ – નિમ્ન સામાજિક-આર્થિક દરજ્જો ધરાવનાર વ્યક્તિઓ સામાજિક ગેરલાભ મેળવે છે. તેઓની ગરીબીનુ ચક્ર ચાલુ જ રહે છે. ગરીબોના જીવનચક્રના પાંચ તબક્કાઓ સ્કોર (1966) નામના અભ્યાસીએ સૂચવ્યા છે.......



## ❑ (1) તરુણાવસ્થામા કુટુંબની શરૂઆત –

- ❑ તરુણાવસ્થામા જ લગ્ન કરવા.
- ❑ 20 વર્ષની ઉમર પહેલા જ પ્રથમ સંતાનના માબાપ બની બેસે છે.
- ❑ કૌટુંબિક જવાબદારીને કારણે અભ્યાસ અધુરો મુકવો પડે છે.
- ❑ અભ્યાસની અધુરપને કારણે સારી નોકરી ન મળવી.

## ❑ (2) વ્યવસાય પસંદગી –

- ❑ વહેલા લગ્નને કારણે 13 થી 19 વર્ષે નોકરીમા જોડાવુ પડે.
- ❑ આર્થીક લાભ, સલામતી કે બઢતીની તકો વિશે વિચાર્યા વગર વહેલી મળે તે નોકરીનો સ્વિકાર.

## ❑ (3) વધારે બાળકો –

- ❑ સર્વે અનુસાર મધ્યમવર્ગ અને પૈસાદાર લોકોની સરખામણીમા ગરીબ કુટુંબોમા બાળકોની સંખ્યા વધારે હોય છે.
- ❑ બાળકોની સંભાળ પણ રાખી સકતા નથી. તેઓને સારી ઔપચારીક કેળવણી પણ આપવી મુશ્કેલ છે.

## ❑ (4) કૌટુંબિક ભંગાણ –

- ❑ ગરીબાઇ હોય અને પતિ છૂટાછેડા લઈ અલગ પડી જાય તો પોતાનુ તેમજ બાળકોનુ ભરણ-પોષણ કરવાની જવાબદારી પત્નીને શિરે આવે છે.
- ❑ બાળકોનો યોગ્ય શારીરિક, માનસીક અને સામાજિક વિકાસ થયો નથી.

## ❑ (5) ગરીબીના ચક્રની ફરીથી શરૂઆત –

- ❑ ગરીબ કુટુંબમા જન્મેલ બાળક તરુણ વયે લગ્ન, અભ્યાસ છોડી દેવો, વહેલી તે પહેલી નોકરીનો સ્વિકાર, ઓછિ આવક... આમ ગરીબાઈનુ ચક્ર ચાલ્યા કરે છે.
- ❑ આવી વ્યક્તિ લઘુમતિ કોમની હોય તો પૂર્વગ્રહ અને ભેદભાવનો પણ ભોગ બનવુ પડે છે.
- ❑ ભારતમા પ્રવર્તમાન સરકાર એવા પ્રયત્ન કરી રહી છે કે સામાજિક રિતે પછાત વર્ગના લોકોને સમાન શૈક્ષણિક અને વ્યાવસાયિક તકો મળે.

# THANK YOU



# ANY QUERIES....?

KeepCalmAndPosters.com